### જર જમીન અને જોરૂ-ત્રણે કજિયાના છોરું

# જેતવાસમાં જમીનની તકરારમાં આદિવાસી યુવકની હત્યા

પાલનપુર, તા. ૩૧

જર જમીન અને જોરૂ- ત્રણે કજિયાના છોરું ઉક્તિને સાર્થક કરતો બનાવ દાંતા તાલુકા ના જેતવાસ ગામ ખાતે બન્યો છે. જેમાં જમીનની તકરારમાં એક આદિવાસી યુવકની હત્યા થતા ચકચાર મચી જવા પામી છે. મૃતકના સ્વજન ઉમેશભાઈના જણાવ્યા મુજબ, અંબાજીથી ૫ કિલો મીટરથી દૂર આવેલ જેતવાસ ગામમાં જમીનની તકરારમાં ૪૫ વર્ષીય યુવકની છરીના ઘા મારી હત્યા કરવામાં આવી હતી. લાંબા સમયથી ચાલતા જમીન વિવાદને લઈને બસુભાઈ કાળાભાઇ પરમારની છરીના ઘા મારીને હત્યા કરી દેવામાં આવી હતી. પાલનપુર સિવિલમાં સારવાર દરમિયાન બસુભાઈ પરમારનું મોત નિપજ્યું હતું. ત્યારે પોલીસે મૃતદેહને પી.એમ.માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.



# ખેડબ્રહ્મા તાલુકાના ૧૮,૨૦૦ બાળકોએ ઓ.એમ.આર. ટેસ્ટ આપ્યો

ખેડબ્રહ્મા ખાતે તા ૨૯.૧૨.૧૭ ના રોજ સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકાની ૧૬૧ પ્રા. શાળાઓમાં જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારીની પ્રેરણા થી અને તાલુકા પ્રા. શિક્ષણાધિકારી સાહેબના માર્ગદર્શન હેઠળ બી.આર. સી.ભવન ખેડબ્રહ્મા આયોજિત ધોરણ ૨ થી ૫ના બાળકોએ ગુણોત્સવ ની પૂર્વ તૈયારી ના ભાગ રૂપે વાંચન, લેખન અને ગણનનો ૩૦ ગુણનો ટેસ્ટ આપ્યો.અને ધોરણ ૬ થી ૮ના બાળકોએ OMR આધારિત ૫૦ ગુણનો પ્રિ ટેસ્ટ આપ્યો.બાળકોએ તથા શિક્ષકમિત્રો,સી.આર. સી.મિત્રોએ ખુબજ સુંદર આયોજન કરેલ જોવા મળ્યું. ખેડબ્રહ્મા તાલુકાના અંદાજીત ૧૮૨૦૦ બાળકોએ આજે આ ટેસ્ટ આપ્યો.આવનાર ગુણોત્સવ માં ખેડબ્રહ્મા તાલુકાની શાળાઓના બાળકોની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ થાય તે માટે હવે પછીના દર શુક્રવારે આ પ્રકારનો ટેસ્ટ લેવાય તેવું આયોજન કરેલ છે.

# ખેડાવાડાની સીમમાં યુવતીની એકલતાનો લાભ લઈ છેડતીનો પ્રયાસ

હિંમતનગર તાલુકાના ખેડાવાડા ગામની સીમમાં ગુરુવારે બપોરના સુમારે ખેતરમાંથી પાન વિણતી એક યુવતીની એકલતાનો લાભ લઈ ગામના જ એક શખ્સે છેડતી કરવાનો પ્રયાસ કરતા આ યુવતીએ શુક્રવારે હવસખોર શખ્સ વિરુદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે ખેડાવાડા ગામની યુવતીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ તેણી ગુરુવારે બપોરે ખેતરમાં પાન લેતી હતી ત્યારે ગામના જ બબાજી ભીખાજી ચૌહાણે આવીને તેણીને પકડી લઈ છેડતી કરવાનો પ્રયાસ કર્યો હતો અને પોતાની સાથે શારીરિક સંબંધ બાંધવાની માગણી કરી હતી.

# કેફે કોફી ડેએ શિયાળાનાં પીણાંની નવી શ્રેણી હેવન્લી હોટશોટ્સ રજૂ કરીને મોસમમાં ગરમાટો લાવી દીધો

ગરમાગરમ પીણું શિયાળા દરમિયાન તમને ગરમ મહેસૂસ કરાવવાની ઉત્તમ રીતમાંથી એક છે. કેફે કોફી ડેએ આને ધ્યાનમાં રાખીને જ તેની મોસમી પીણાંની શ્રેણી હેવન્લી હોટશોટ્સ લોન્ચ કરવા સાથે પિક-મી- અપ્સની નવી શ્રેણી નિર્માણ કરી છે. ક્લાસિક્સમાં નવો ઉમેરો કરતાં આ નાવીન્યપૂર્ણ પીણું યુવાનો માટે આંતરરાષ્ટ્રીય અને સ્થાનિક ફ્લેવર્સ અને વૈશ્વિક પ્રવાહોનું ઉત્તમ સંયોજન આપે છે. હેવન્લી હોટશોટ્સ સાથે કેફે કોફી ડેનું લક્ષ્ય સ્વાદિષ્ટ ગરમાગરમ પીણું સ્મૂધીઝ સાથે સંકળાયેલી ખુશી આદાનપ્રદાન કરવાની ક્ષમતાનું વિસ્તરણ કરવાનું છે, જે પીણું મોટે ભાગે ઠંડું ઠંડું પીરસવામાં આવે છે.

કેફે કોફી ડેનું મોસમી મેનુ હેવન્લી હોટશોટ્સ કોઈ પણ અન્ય પીણાંની તુલનામાં ક્લાસિક્સનું આ નવું વર્ઝન પસંદ કરવા માટે પૂરતું રોચક છે. મેનુમાં પાંચ પીણાંનો સમાવેશ થાય છે, જે તેમના મુખ્ય પીણાંના મેનુને પૂરક છે.

પવિત્ર ગુર્મે હોટ કોકોઆ અને વ્હિપ્ડ ક્રીમ સાથે બ્લેક ફોરેસ્ટ સોસ સાથે સ્વર્ગીય સુખ આપતા આ પીણાંનું બ્લેક ફોરેસ્ટ ગુર્મે હોટ કોકોઆ તરીકે વિવરણ કરવામાં આવે છે. આ સ્વાદિષ્ટ ચોકલેટ પ્રેમીઓનું સપનું પોતાની અંદર ડેઝર્ટ છે. પ્લમ પુડિંગ ઈન્વર્ટેડ કેપુસિનો પ્લમ પુડિંગ સોસ અને કોકોઆ ડ્રિઝલ સાથે કેપુસિનોનું સ્વાદિષ્ટ સંમિશ્રણ છે.

અસલ દક્ષિણ ભારતીય કોફીનું સમયકાલીન સંમિશ્રણ ક્લાસિક ફિલ્ટર કોફી છે, જ્યારે કેસરી હોટ સ્મૂધી કેસરી ક્રીમ સિરપ અને આલ્મંડ ફ્લેક્સથી સજેલું હોઈ શાહી અહેસાસ આપે છે. બ્લેક ફોરેસ્ટ હોટ સ્મૂધીમાં સમાવિષ્ટ વધુ એક સારપ એ છે કે તે વ્હિપ્ડ ક્રીમ્સ અને બ્રાઉની ચંક્સ સાથે ટોપ્સ બ્લેક ફોરેસ્ટ સોસથી સમૃદ્ધ છે.



જિલ્લા સહકારી સંઘની બેઠકમાં સંઘના અધ્યક્ષ પ્રભુદાસભાઈ પટેલે જણાવ્યું કે સંઘના સહકારી ભવન માટે જમીન સંપાદન કરવા અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.ચેરમેન પ્રભુદાસભાઈ અને ડિરેકટર શામળભાઈએ સ્થળ નિરીક્ષણ કરાયું હતું હવે એને માટે ઝડપી કાર્યવાહી હાથ ધરાશે.વહેલી તકે જમીન જગ્યા ઉપલબ્ધ કરવામાં આવશે. ચેરમેન પ્રભુદાસભાઈ પટેલ,વાઈસ ચેરમેન ભિખાજી ડામોર, માનદ મંત્રી જગદીશભાઈ પટેલ,ડિરેકટર શામળભાઈ પટેલ,ડિરેકટર વિનોદભાઈ શાહ,ગુલાબચંદભાઈ પટેલ,રાજુભાઈ પટેલ,પ્રેમજીભાઈ પટેલ દ્વારા બાયડ એપીએમસીના ચેરમેન પદે ચૂંટાયેલા આ સંઘના ડિરેકટર બાબુભાઈ એમ.પટેલનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યું હતું.

# બી.બી.એ કોલેજ, મોડાસાના વિદ્યાર્થીઓ દ્વારા બહેરા-મૂંગા સ્કૂલના ચાર વિદ્યાર્થીઓનો જન્મ દિન ઉજવાયો

મોડાસા, તા.૩૧

શ્રી મ. લા. ગાંધી ઉચતર કેળવણી મંડળ સંચાલિત શ્રી બી. એચ. ગાંધી બી.બી.એ કોલેજ, મોડાસા ના વિદ્યાર્થીઓ દ્વારા તા. ૩૦/૧૨/૨૦૧૭ને શનિવારના રોજ બહેરા–મૂંગા સ્કૂલ ના ચાર વિદ્યાર્થીઓનો જન્મદિન તથા ૩૧મી ડિસેમ્બરની ઉજવણી કરવામાં આવી.

૩૧મી ડિસેમ્બર એટલે પશ્ચિમી સંસ્કૃતિ હવે ભારત તરફ આગળ વધી રહી હોય તેમ ભારતના નવ જુવાનીયાઓ પાર્ટી મનાવવા માટે ૩૧મી ડિસેમ્બરની વાટ જોઈ થનગની રહ્યા હોય છે. ત્યારે મોડાસાની શ્રી બી. એચ. ગાંધી બી.બી.એ કોલેજના વિદ્યાર્થીઓએ ૩૧મી ડીસેમ્બર ના માનવતા કુદરતે જેમની સાથે અન્યાય કર્યો છે એવા બાળકો સાથે તેમના જન્મદિન અને બાબુભાઈ પટેલ અને તથા પ્રવીણભાઈ જોષી તથા વિદ્યાર્થીઓ સાથે મળી બહેરા – મૂંગા શાળા ના ચાર વિદ્યાર્થીઓ કે જેમના જન્માદિન પણ આજે હતા તેવા લક્ષ્મણ બદલાણયા, મીનલબેન પટેલ, મિલન તથા શૈલેશની સાથે રહી કેક કાપી અને આ ચારે વિધર્થીઓ સાથે જન્મદિન તથા ૩૧મી ડિસેમ્બરની ઉજવણી સારી હતી.



અંગ્રેજી મહિના પ્રમાણે વર્ષ નો છેલ્લો દિવસ આ દિવસે ખ્રિસ્તી લોકો ૨૫મી ડિસેમ્બરથી લઈ ૩૧મી તારીખ સુંધી શાળાઓમાં મીની વાકેશન રાખી નવા વર્ષની ઉજવણી કરતા હોય છે ત્યારે હવે ધીરે ધરેઆ ૩૧ મી ડિસેમ્બર ની ઉજવણી કરી કરી હતી જેમાં કોલેજ કેળવણી મંડળ ના મંત્રી સુરેન્દ્રભાઈ શાહ કોલેજ ના આચાર્ય તુષારભાઈ ભાવસાર બહેરા – મૂંગા સ્કૂલ મંત્રીશ્રી કિરીટભાઈ સુથાર, આચાર્ય

કાર્યક્રમના અંતે સ્કૂલ ના વિદ્યાર્થીઓ એ એમના દ્વારા ખુબ સુંદર પ્રતિભાવ આપ્યા હતા તો આના પરથી એક શીખ લેવાય કે હીન્દુ સંસ્કૃતિ એક હિન્દુસ્થાન નું ઘરેણું છે તેની લાજ એ હિન્દુસ્થાનની લાજ છે.



**ખેડબ્રહ્મામાં જીપ ડાલુ પલ્ટી ખાતા પાંચ ઘાયલ**

ખેડબ્રહ્મા શહેરમાં રવિવારે સવારે આટ્ર્સ અને કોમર્સ કૉલેજ નજીક જીપ ડાલુ પલ્ટી મારતાં નાકા ગામના પાંચ યુવકો ઘાયલ થયા હતા. ખેડબ્રહ્મા શહેરમાં લક્ષ્મીપુરા જવાના રોડ ઉપર આટ્ર્સ અને કોમર્સ કૉલેજ પાસે ઢોળાવમાં જીપ ચાલક ગાડી પરનો કાબૂ ગુમાવી દેતા જીપ પલ્ટી મારી ગઈ હતી. નાકા ગામના બેન્ડને વડાલી ખાતે સતસંગમાં ઓર્ડર હોઈ રવિવારે વાજિત્રો ભરી સાત યુવકો જીપ ડાલા નં. જીજે.૪.વાય.૧૮૬૭ માં નિકળ્યા હતા. કૉલેજ પાસે ઢોળાવમાં હરણાવ નદીમાંથી એક રેતી ભરેલું ટ્રેકટર નીકળતા જીપ ડાલાનો ચાલ ગાડી સાઈડ્માં ઉતારવા જતા રોડ નવો બનાવ્યા બાદ સાઈડોમાં પૂરણ કરેલ ન હોવાથી જીપ ડાલુ પલટી મારી ગયું હતું. જેની અંદર બેઠેલ પાંચ યુવકોને ઈજાઓ થતી હતી. તેમને સારવાર અર્થે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. જેમાં બે યુવકોને હિંમતનગર રીફર કરવામાં કરવામાં આવ્યા હતા.

# ભિલોડા તાલુકાના ઝાંઝરી ગામ પાસે ટર્બો ટ્રક પલટી ખાતા યુવાનનું ઘટનાસ્થળે કરૂણ મોત

ભિલોડા,તા.૩૧

ભિલોડા તાલુકાના ઝાંઝરી ગામ પાસે ટર્બો ટ્રક ચાલકે ગફલતભરી રીતે હંકારતાં ટર્બો ટ્રક એકા-એક પલટી ખાતા ભિલોડા તાલુકાના માંકરોડા ગામના યુવાનનું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજ્યું હતું.પરીવારજનો અને સગાં-સબંધીઓ હૈયાફાટ રૂદન કરતા હતા.ટર્બો ટ્રકમાં બેઠેલા ત્રણ યુવાનો ગંભીર રીતે ઘવાયા હતા.

ભિલોડા તાલુકાના ખલવાડ ગામના ભરતભાઈ પારઘી એડવોકેટએ જણાવ્યું હતું કે ઝાંઝરી ગામ પાસે ગોઝારા વળાંકમાં ટર્બો ટ્રક નંબર.જી.જે.૯.એ.વી.૮૫૫૯ ના ચાલકએ ગફલતભરી રીતે ટર્બો ટ્રક હંકારતાં ભિલોડા તાલુકાના માંકરોડા ગામનો યુવાન પ્રિતેશકુમાર દિનેશભાઈ ચોલવીયા,આશરે ઉંમર.વર્ષ-૧૫ નું ઘટનાસ્થળે કરૂણ મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.

ટર્બો ટ્રકમાં બેઠેલા ત્રણ ઈસમો ગંભીર રીતે ઘવાયા (૧) જીતેન્દ્રકુમાર ચંદુભાઈ બુવડ, ઉંમર.વર્ષ-૨૧, રહેવાસી. કમઠાડીયા (૨) રામાભાઈ કાવાભાઈ અસોડા, ઉંમર.વર્ષ-૩૫, રહેવાસી. ઝાંઝરી (૩) કમલેશભાઈ સોમાભાઈ ડોડીયાર, ઉંમર.વર્ષ-૨૦, રહેવાસી. માંકરોડા ત્રણ ઈસમો ગંભીર રીતે ઘવાતાં પ્રાઈવેટ વાહન મારફતે ભિલોડા કોટેઝ હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા હતા.મેડીકલ ઓફીસર ડૉ.દિનેશભાઈ ચૌધરીએ ત્રણ ઈજાગ્રસ્તોને પ્રાથમીક સારવાર આપ્યા બાદ વધુ સારવાર અર્થે હિંમતનગર સીવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા.પોલીસએ ટર્બો ટ્રક ચાલક વિરૂધ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર માર્ગો ઉપર રેતી,કપચી ભરેલા ઓવરલોડ ટર્બો ટ્રક ચાલકો માતેલા સાંઢની માફક પુરપાટ ઝડપે ગફલતભરી રીતે વાહનો હંકારતાં હોવાના કારણે અવારનવાર નાના-મોટા અકસ્માતો સર્જાતા હોય છે.પોલીસ તંત્ર ધ્વારા ટર્બો ટ્રક ચાલકો ઉપર લગામ લગાવવાની તાતી જરૂરીયાત હોવાનું લોકમુખે ચર્ચાય છે.





**ડીસા બાર એસોસિએશનના નવા હોદ્દેદારોની પદગ્રહણ વિધિ સંપન્ન**

બનાસકાંઠાના ડીસા ખાતે કાર્યરત ડીસા બાર એસોસિએશનના નવા હોદ્દેદારોની ગત ૧૯મી ડિસેમ્બરે યોજાયેલી ચૂંટણી વખતે બિનહરીફ ચૂંટાઈ આવેલા તમામ હોદ્દેદારોએ આજે વિધિવત રીતે તેમનો પદભાર સંભાળ્યો હતો. ડીસાના નવા કોર્ટસંકુલના બાર એસોસિએશનના હોલમાં આજે બપોરે યોજાયેલા પદગ્રહણ સમારોહ પ્રસંગે ગત વર્ષના પ્રમુખ નજીરભાઈ ઘાસુરા સહિત અન્ય ધરાશાસ્ત્રીઓની ઉપસ્થિતિમાં ડીસા બાર એસોસિએશનના નવનિયુક્ત પ્રમુખ પ્રતાપભાઈ વાઘેલા, ઉપપ્રમુખ એન.એમ.ઠાકોર,જનરલ સેક્રેટરી એસ.પી.સાંખલા,જોઈન્ટ સેક્રેટરી પી.બી.વ્યાસ, ખજાનચી કે.કે.શર્મા તેમજ લાયબ્રેરી સેક્રેટરી વી.એ.ઘાસુરાએ વિધિવત રીતે તેમનો પદભાર સંભાળ્યો હતો.

## ભીષણ હુમલો

● અનુસંધાન પહેલાનું ચાલુ

એરબેઝ ઉપર આ અથડામણ ૮૦ કલાક સુધી ચાલી હતી. આતંકવાદી હુમલાના સંદર્ભમાં જમ્મુ કાશ્મીરના ડીજીપી એસપી વૈદ્યએ કહ્યું છે કે, આતંકવાદીઓની સામે ઓપરેશન જારી છે. તેમના ઉપર ટૂંક સમયમાં જ કાબૂ મેળવી લેવામાં આવશે. સીઆરપીએફના અધિકારીઓને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે, આત્મઘાતી હુમલાખોરોએ હુમલો કર્યો હતો. લેથપોરા સ્થિત સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સની ૧૮૫મી બટાલિયન કેમ્પમાં વહેલી પરોઢે બે વાગે ત્રાસવાદીઓ ઘુસી જવામાં સફળ રહ્યા હતા. ત્રાસવાદીઓએ સૌથી પહેલા ગ્રેનેડો ઝીંક્યા હતા ત્યારબાદ હુમલો કર્યો હતો. હુમલો કર્યા બાદ આતંકવાદીઓ એક ઈમારતમાં જઈને છુપાઈ ગયા હતા અને ત્યાંથી ગોળીબાર જારી રાખ્યો હતો. બીજા કેમ્પો પર પણ આ પ્રકારના હુમલા થવાની શક્યતા દેખાઈ રહી છે. ઘાયલ થયેલા જવાનોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. શ્રીનગર હોસ્પિટલમાં ઈજાગ્રસ્તોને ખસેડવામાં આવ્યા હતા. સીઆરપીએફ, ૫૦ રાષ્ટ્રીય રાયફલ અને જમ્મુ કાશ્મીર પોલીસે ત્રાસવાદીઓને ચારેબાજુથી ઘેરી લઈને ઓપરેશન હાથ ધર્યું હતું.

## હજ પર

● અનુસંધાન પહેલાનું ચાલુ

મહિલા હજયાત્રા ઉપર જવા ઈચ્છુક છે તો તેને કોઈ પુરુષ સભ્યની સાથે જવું પડશે. આ બાબતની નોંધ લીધા બાદ તેઓ પોતે હેરાન હતા અને ભેદભાવની સ્થિતિ દેખાઈ રહી હતી. હવે અમે આ પ્રથાને બદલી ચક્યા છે. હવે એકલી મહિલા હયાત્રાએ જઈ શકે છે. નિયમ બદલી દેવામાં આવ્યા બાદ આ વર્ષે ૧૩૦૦ મુસ્લિમ મહિલાઓએ કોઈપણ પુરુષ સભ્ય વગર હજયાત્રા પર જવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આવી મુસ્લિમ મહિલાઓને હજયાત્રા માટે પ્રાથમિકતા આપવા માટે પણ કહેવામાં આવ્યું હોવાની વાત મોદીએ કરી હતી. લઘુમતિ બાબતોના મંત્રાલયને સૂચના પણ આપવામાં આવી છે. આઝાદીના ૭૦ વર્ષ થયા હોવા છતાં આ ભેદભાવની સ્થિતિ રહ્યા બાદ હવે તેને દૂર કરવામાં આવી છે. તેમનું કહેવું છે કે, કેટલાક મુસ્લિમ દેશોમાં પણ આ પ્રકારની પ્રથા નથી. અમે આ પરંપરા બદલી ચુક્યા છે. એકલા અરજી કરનાર તમામ મહિલાઓને હજયાત્રા પર મોકલવાને હવે પ્રાથમિકતા અપાઈ છે. સામાન્યરીતે હજ ઉપર લોટરી સિસ્ટમ લાગૂ થાય છે પરંતુ તેઓ કહી ચુક્યા છે કે, એકલી મુસ્લિમ મહિલા જે હજયાત્રા ઉપર જવા ઈચ્છુક છે તેમને લોટરીથી અલગ રાખવામાં આવશે. મુસ્લિમ મહિલાઓને પણ પુરુષોના સમાન અધિકાર મળે તે દિશામાં પહેલ થઈ રહી છે.

## ગાબડા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

એંગ્લવાળી ફેન્સીંગ ફીટ કરવાનુ અભિયાન હાથ ધરાયુ છે. જેના અંતે આ સમસ્યા હવે હળવી થઈ છે. પરંતુ હજુ પણ શહેરમાં કેટલાક ઠેકાણે ફેન્સીંગ તુટેલી હાલતમાં જોવા મળી રહી છે. જેના લીધે વૃક્ષોને નુકશાન થતુ હોવાની સાથે ગમે ત્યારે દબાણો અસ્તિત્વમાં આવે તેવી શક્યતા છે. શહેરના મુખ્યમાર્ગને અડીને વનતંત્રની કચેરી નજીકના વિસ્તારમાં જ ફેન્સીંગમાં ગાબડા જોવા મળી રહયા છે. કોઈકારણોસર આ ઠેકાણે ફેન્સીંગ તુટેલી છે. જયારે શહેરના સેકટરોમાં પણ અન્ય ઠેકાણે ફેન્સીંગ તુટેલી હાલતમાં હોવાની ફરિયાદો પણ ઉઠતી રહે છે. ત્યારે વનતંત્રએ આ અંગે સર્વે કરીને તુટેલી ફેન્સીંગ યોગ્ય કરવા કામ હાથ ધરવુ જોઈએ તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## શક્ય જ નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી એવું ખુદ આરટીઓ સત્તાવાળાઓ સ્વીકારી રહ્યા છે. અમદાવાદ સહિત રાજયભરમાં સવા કરોડથી વધુ વાહનોમાં નંબર પ્લેટ બદલાવાની થાય છે, જે રાતોરાત બદલવી ખુદ આરટીઓ તંત્ર કે તેના અધિકારીઓ માટે પણ કોઈપણ રીતે શકય જ નથી. વાસ્તવમાં સુપ્રીમકોર્ટે એચએસઆરપી નંબર પ્લેટના મુદ્દે ગુજરાત સરકાર સહિત દેશના રાજયોની સરકાર પાસેથી ખુલાસો માંગ્યો છે, તેથી સુપ્રીમકોર્ટની ફટકાર અને વિપરીત કાર્યવાહીથી બચવા માટે સરકારે એચએસઆરપી મુદ્દે તેમણે કોઈ કામગીર કરી છે તેવું બતાવવા હાલ આ એચએસઆરપી તાત્કાલિક લગાવવાનો ફતવો જારી કર્યો છે, જેનો વાસ્તવિક અમલ પંદર દિવસમાં શકય જ નથી. એટલે કે, સરકાર આ નિર્ણયની અમલવારીમાં પોતે જ બહુ મોડી જાગી છે અને હવે નિર્ણયનો અમલ કરાવવા ઉતાવળી કરી રહી છે. સુપ્રીમકોર્ટની ફટકારથી બચવા સરકાર પબ્લીક પર ખોટુ અને ગેરવાજબી દબાણ ઉભુ કરી રહી છે. સરકારના આ સ્વાર્થી વલણને લઈ અમદાવાદ સહિત રાજયભરમાં જાહેરજનતામાં ઉગ્ર રોષની લાગણી ભભૂકી ઉઠી છે. આધારભૂત સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ આરટીઓમાં સામાન્ય સંજોગોમાં રોજની ૨૫૦થી વધુ એચએસઆરપી નંબર પ્લેટ નવા વાહનોમાં નાંખી આપવામાં આવે છે. જે કામગીરી માટે અગાઉ ૨૫થી ૩૦ જણાંનો સ્ટાફ અને ટીમ હતા પરંતુ હવે છેલ્લા કેટલાક સમયથી એચએસઆરપી નાંખવાની સત્તા ડિલરોને પણ અપાતા આરટીઓ તંત્રનો વર્કલોડ ઘટયો હતો, જેના કારણે એચએસઆરપીની કામગીરી કરતી ૨૫થી ૩૦ જણાંની ટીમ ઘટાડી અત્યારે માત્ર દસ જણાંની ટીમ સાથે આ સમગ્ર કામગીરી કરવામાં આવી રહી છે, જે રૂટીન કામગીરીને પહોંચી વળવા માટે પણ પૂરતી નથી તો સરકારે તા.૧૫મી જાન્યુઆરી સુધીમાં રાજયના તમામ વાહનોમાં એચએસઆરપી ફરજિયાતપણે નંખાવી દેવા ફરમાન જારી કર્યું છે, તેનો કેવી રીતે અમલ થઈ શકે તે મુદ્દે ખુદ આરટીઓ સત્તાવાળા માથુ ખંજવાળવા માંડયા છે.

## કાયદો અને કાનૂન

● ૪ પાનાનું ચાલુ...

મુસ્લીમ કાનૂનમાં તે મુબારાતનું સ્વરૂપ નક્કિ છે આ સ્વરૂપ અરેબીક ભાષામાં જ રજુ થવું જોઈએ અને સીયા સુન્ની બન્ને મુસ્લીમોમાં મુબારાત માટે ઈદાતનો સમય સચવાવો આવશ્યક છે.

મુબારાત અને ખુલાએ તલાક પ્રથાની જેમ એકતરફી કે અન્યાઈ નથી ખુલા અને મુબારાતમાં પરસ્પરની સમંતીથી પતિ પત્ની અલગ થાય છે લગ્ન જીવનનો અંત આણે છે જયારે તલાકએ માત્ર પતિ દ્વારા પત્નીને એકતરફી અપાતા છૂટાછેડા છે.

મુબારાત અને ખુલામાં પત્નિને પણ હક્ક છે કે તે પતિને છૂટાછેડા બાબતે પૂછી શકે છે આ રીતે ઈસ્લામીક કાનૂનમાં પત્નીને પણ પુરૂષ જેટલો સમાન હક્ક બક્ષેલ છે પરંતુ તેનો અમલ ખૂબ જ ઓછો થાય છે ત્રિપલ તલાક જેવા સગવડીયા વ્યવસ્થાએ પતિને આપખુદ રીતે નિર્ણય કરવા પ્રેરે છે. ઈસ્લામીક કાનૂનમાં પત્નીને આ સમાન તક આપી રૂઢીનું આવરણ, સામાજીક શઈમ અને કાયદાની અજ્ઞાનતાની ભેટ છે જેથી કાયદાથી મળતા લાભથી મુસ્લીમ સ્ત્રીઓ વંચીત રહે છે.

આ રીતે મુબારાત અને ખુલાએ પરસ્પર સમંતીથી સ્ત્રીને સંપૂર્ણ હક્ક, અધિકાર આપતો છૂટાછેડાની મુસ્લીમ કાનૂન પ્રમાણેની સીયા સુન્ની બન્નેમાં પ્રચલીત પ્રથા છે પરંતુ પુરૂષ પ્રધાન સમાજમાં સ્ત્રીના અધિકારો ઉપર તરાત મારી તેને શોષીત, વંચીત તથા આશ્રીત રાખી પુરૂષ પોતાનું ધાર્યુ કરતો આવેલ છે. હવે મુસ્લીમ સ્ત્રીઓમાં શિક્ષણનો વ્યાપ વધતા પોતે જાગૃત બની છે અને પોતાને મળતા હક્ક, અધિકારો બાબતે સજાગતા આવતા ત્રિપલ તલાકને સંપૂર્ણ જાકારો આપી સરકારની તરફેણ કરેલ છે. છૂટા થવામાં પણ માનવીય મૂલ્યોનું રક્ષણ થવું જોઈએ અને આ માટે દરેકને કાયદાની સમજ હોવી જોઈએ ઈસ્લામમાં તલાક પ્રથાને દુષ્ટ જ ગણવામાં આવેલ છે.

મુસ્લીમ પર્સનલ લૉ સરીયત ઉપર આધારીત છે. ભારતીય બંધારણ મુજબ ભારતના દરેક નાગરિકો માટે સમાન કાયદો છે પરંતુ વાત વ્યક્તિગત મુદ્દાની હોય તો મુસ્લમાનો લગ્ન તથા છૂટાછેડા માટે મુસ્લીમ પર્સનલ લૉ બોર્ડ ઉપર આધાર રાખે છે. મુસ્લીમ લૉ બોર્ડની શરૂઆત ૧૯૩૭ માં થઈ હતી પરંતુ સરકારને મુસ્લીમ મહિલાઓને લગ્નકિય સ્થિતિની સમાનતા આપવા ખૂબ જ મુશ્કેલીઓનો સામનો કરવો પડેલ છે. ઈસ્લામની સ્થાપનાથી જ કુરાનમાં જણાવેલ શરીયતના કાયદા હાવી થઈ ગયા પરંતુ સમયાંતરે જયારે તેનું અર્થઘટન અલગ અલગ રીતે લોકોએ પોતાના સ્વાર્થ પ્રમાણે કરેલ છે ત્યારે એક જ બાબતનું અર્થઘટન અલગ અલગ રીતે થયું અને આખરે તો સ્ત્રી જ ભોગ બની છે અને તેના હક્ક, અધિકાર ઉપર પુરૂષોનું જ ધાર્યુ થયું છે.

## અતિતની આજ

● ૪ પાનાનું ચાલુ...

જ ચૂંટાયા છે.વ્યારાની આદિવાસી અનામત બેઠક પર ચૂંટાયેલા પુનાભાઈ ગામીત એકમાત્ર ખ્રિસ્તી ધારાસભ્ય છે. ગુજરાતમાં ૫ ટકા (૩૩,૩૧,૧૧૧) રાજપૂતની વસ્તી છે. ધારાસભામાં ૧૫ રાજપૂત ક્ષત્રિય ચૂંટાયા છે.રાજ્યમાં ૧.૫ ટકો (૯,૯૫,૧૩૩) બ્રાહ્મણ વસ્તી છે. વિધાનસભામાં ૮ બ્રાહ્મણ ચૂંટાયા છે.મુસ્લિમોની ૯ ટકા (૫૯,૭૦,૮૦૧) વસ્તી છે અને કોંગ્રેસના ૭ મુસ્લિમ ઉમેદવારમાંથી ૩ ચૂંટાયા છે.રાજ્યની ૪૦ ટકા (૨,૬૫,૩૬,૮૯૪) વસ્તી ઓબીસી એટલેકે બક્ષી પંચની ૧૪૭ જ્ઞાતિ/ ધાર્મિક સમૂહમાંથી ૬૨ ધારાસભ્યો ચૂંટાયા છે.એમાં ૧૬ ઠાકોર, ૩ આંજણા પટેલ-ચૌધરી, ૬ આહીર, ૫ કોળી, ૧૪ કોળી પટેલ અને બીજા ૧૮ જણા ચૂંટાયા છે. જૈન વાણિયા સહિતની બિન-મુસ્લિમ લઘુમતી વસ્તી ૩ ટકા (૧૯,૯૦,૨૬૭) છે.ગૃહમાં ૩ જૈન ધારાસભ્ય ચૂંટાયા છે.મુખ્ય મંત્રી વિજય રૂપાણી જૈન છે.લોહાણા, સિંધી,વૈષ્ણવ, મરાઠીભાષી કે ઉત્તર ભારતીય સહિતના અન્ય ૬ ધારાસભ્યો ગૃહમાં બેસશે. તમામ પ્રધાનો અને ધારાસભ્યો નાતજાતના ભેદ ભૂલીને પ્રજાના હિતનાં કામો કરે, એટલી અપેક્ષા જરૂર કરીએ.

haridesai@gmail.com